**નવસારીમાં પૂરનો મહાપ્રકોપ, પૂર્ણા, અંબિકા અને કાવેરીના રોદ્ર સ્વરૂપથી સ્થિતિ બેકાબૂ**

# નવસારીમાં '1994 પછીનુ સૌથી વિકરાળ પૂર'

**હજુ** પણ ભારે વરસાદની આગાહી, નવસારીમાં કમર સમાણા પાણી ભરાતાં હજારો લોકો ફસાયા, જનજીવન સંપૂર્ણપણે ખોરવાયું

નવસારી,બીલીમોરા, વાંસદા, ઘેજ : નવસારી જિલ્લામાં પડેલા ભારે વરસાદના કારણે ગણદેવી તાલુકાના ઊંડાચ ગામમાં કાવેરી નદીના વિકરાળ પૂરે ભારે તારાજી સર્જી છે. અત્યાર સુધી ચાર લોકોના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે પાંચથી વધુ લોકો હજુ પણ લાપતા હોવાનું સામે આવ્યું છે. તંત્ર, પોલીસ, ફાયર બ્રિગેડ, એસડીઆરએફ અને એનડીઆરએફની ટીમો સતત બચાવ અને રાહત કામગીરીમાં જોડાઈ છે. બોટ મારફતે લોકોને સલામત સ્થળોએ ખસેડવામાં આવી રહ્યા છે.

જોકે, અનેક લોકો કિંમતી સામાન, ઘરેણાં, દસ્તાવેજો અને પશુધનની ચિંતાને કારણે ઘર છોડવા તૈયાર ન થતાં બચાવ કામગીરીમાં પડકારો ઉભા થયા છે.

પૂરની ગંભીર પરિસ્થિતિ વચ્ચે સમગ્ર નવસારી જિલ્લામાં ચિંતાનો માહોલ છવાયો છે. બીજી તરફ, વાંસદાના મોટી વાલઝર પુલ પરથી કાવેરી નદીમાં કૂદી પડેલા યુવકની શોધખોળ પણ સતત ચાલુ છે. ઉપરાંત, પ્રતાપનગર-વાંસદા માર્ગ ધોવાઈ જતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે, જેના કારણે અનેક ગામોનો સંપર્ક ખોરવાઈ ગયો છે.



## શ્રમિક વિસ્તારોમાં સૌથી વિકટ સ્થિતિ, હજારો પરિવારો પાણીમાં ઘેરાયા

નવસારી: નવસારી શહેરના રીંગરોડ સહિતના શ્રમિક વિસ્તારોમાં 10 થી 12 ફૂટ પાણી ભરાઈ જતાં હજારો મજૂર પરિવારો પોતાના ઘરોમાં જ ફસાઈ ગયા છે. પૂરની ગંભીર સ્થિતિ છતાં અનેક લોકો અનાજ, ઘરવખરી, કિંમતી ચીજવસ્તુઓ અને પશુધન બચાવવાની આશાએ ઘરો છોડવા તૈયાર ન હોવાથી બચાવ કામગીરીમાં ભારે મુશ્કેલીઓ પડી રહી છે.

## માર્ગો બંધ થઇ જતાં શ્રમિકો અને નોકરિયાતો ફસાયા

નવસારી: પૂરના પાણીમાં હાઈવે ગરકાવ થતાં સુરત-નવસારી વચ્ચેનો મુખ્ય માર્ગ સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. રોજગાર માટે સુરત જતાં હજારો શ્રમિકો, નોકરીયાતો, વેપારીઓ અને વિદ્યાર્થીઓની અવરજવર ખોરવાઈ ગઈ છે. અનેક વાહનો રસ્તામાં જ અટવાઈ ગયા છે, જ્યારે વૈકલ્પિક માર્ગો પણ પાણીમાં ડૂબી જતાં લોકો કલાકો સુધી ફસાઈ રહ્યા છે. હાઈવે બંધ થતાં માત્ર પરિવહન જ નહીં, પરંતુ સમગ્ર દક્ષિણ ગુજરાતના વેપાર, ઉદ્યોગ અને દૈનિક જીવન પર પણ ગંભીર અસર જોવા મળી રહી છે.

# વાંસદા-ચીખલીમાં હજારોનું રેસ્ક્યૂ

**વાંસદાના** પ્રતાપનગર ગામમાં પોલીસનું અને ચીખલીમાં એસડીઆરએફ દ્વારા લોકોને ખસેડાયા



નિલેશ કાપડીયા

વાંસદા, ઘેજ : સતત ભારે વરસાદના કારણે વાંસદા અને ચીખલીના પ્રતાપનગરમાં પૂરનું પાણી ઘૂસી જતાં અનેક ઘરો ડૂબાણમાં ગયા હતા. આ પરિસ્થિતિમાં વાંસદા પોલીસ દ્વારા રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરી લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. વાંસદા પોલીસ સ્ટેશનના પીઆઈ જે. વી. ચાવડાના માર્ગદર્શન હેઠળ ટીમે ઘરોમાં ફસાયેલા લોકોને સલામત બહાર કાઢી સુરક્ષિત સ્થળે પહોંચાડ્યા હતા. ચીખલીમાં સાદકપોર ગોલવાડમાં ૭૦, ચીખલીમાં ૩૨૩, હોન્ડમાં ૧૩૩, ઘેકટીમાં ૧૦ મળી કુલ ૫૩૬ લોકોનું રેસ્ક્યુ કરાયું હતુ. તાલુકામાં ૩૮ ગામોમાં ૪૧૫૭ જેટલા લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતુ.



કેરસી બારીયા

# ગણદેવીમાં પૂર ઓસરતાં કાદવ-કીચડનો ખડકલો

**તાલુકામાંથી** કુલ ૮ મૃતદેહ મળ્યા, જનજીવન ઠપ

બીલીમોરા : ગણદેવી તાલુકામાં સતત પૂરની સ્થિતિ બાદ શુક્રવારે પૂર ઓસર્યા હતા. ભરાયેલા પાણી પોતાની પાછળ ચગુ (કાદવકીચડ) છોડી જતા લોકોની હાલાકી વધી હતી. અનેક ઘરોમાં ચગુ (કાદવ-કીચડ) ફરી ગયું તો માર્ગો ઉપર ચગુ આવતા લપસણા બન્યાં છે. બીલીમોરાનાં ઉંડાચ ગામે પાંચ અને અન્ય એક મળી છ, ગણદેવીમાંથી બે મૃતદેહ મળી આવ્યા હતા. દરમિયાન શુક્રવારે સાંજે વીતેલા ૨૪ કલાકમાં ગણદેવીમાં ૬૩ મીમી (૨.૫ ઈંચ) વરસાદ વરસ્યો હતો.

ગણદેવી તાલુકા સહિત ડાંગ જિલ્લામાં બારે મેઘ ખાંગા થતાં લોકમાતા અંબિકા, કાવેરી, વેગણિયા, પનિહારીએ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. જેને પગલે અનેક વિસ્તારોમાં પાણીનો ભરાવો થયો હતો. રહેણાંક વસાહતો, સોસાયટીઓમાં પાણી ભરાતાં જીવનજરૂરી ઘરવખરી પલળી જવા પામી હતી. મેઘ તાંડવ બાદ શુક્રવારે નદીઓની જળસપાટી ઘટી હતી.

## વાંસદાના મોટી વાલઝર ગામનો યુવાન કાવેરી નદીમાં કૂદી પડ્યો



વાંસદા : વાંસદાના મોટી વાલઝરાના જામનફળિયાના વિકેશ પટેલ (ઉ.વ. 26) રાનકુવાથી ખડકાળા તરફ જતા માર્ગ પર આવેલી કાવેરી નદીના પુલ પરથી નદીમાં કૂદી ગયો હતો. આ અંગે તેમના પિતા કાંતીભાઈએ વાંસદા પોલીસ મથકે ગુમ થયાની ફરિયાદ નોંધાવી છે.

**ચીખલી તાલુકામાં કાવેરી, ખરેરા અને અંબિકા નદીનું રોદ્ર સ્વરૂપ**

# ઘેજ અને તલાવચોરા સહિતના ગામોમાં જળબંબાકારથી તારાજી

**૧૦** કલાક બાદ નેશનલ હાઈવે શરૂ, તલાવચોરામાં ઘરો વહી ગયા, વાહનો અને પશુધનને ભારે નુકસાન



ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી તાલુકામાં લોકમાતાઓમાં ઘોડાપૂર બાદ આજે બીજા દિવસે વહેલી સવારે પાણી ઓસરતા અનેક ગામોમાં તારાજીના દ્રશ્યો બહાર આવ્યા હતા.

તાલુકાના અનેક પરિવારોએ ભયના ઓથાર હેઠળ રાત વિતાવવી પડી હતી. નેશનલ હાઈવે પર દસેક કલાક બાદ વહેલી સવારે વાહન વ્યવહાર પ્રવવર્ત થયો હતો. તલાવચોરા ગામે પાર્ક કરેલા આઈસર ટેમ્પો અને કાર તણાઈ હતી. તલાવચોરાના રાજા ફળીયામાં તળાવ ઓવરફ્લો થતા શ્રમજીવી પરિવારના ઘરોના નામો નિશાન જ મટી જવા પામ્યા હતા. મોડી રાત્રે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ કેબિનેટ મંત્રી નરેશ પટેલ, સાંસદ ધવલ પટેલ સાથે ચીખલીની મુલાકાત લીધી હતી. કેબિનેટ મંત્રી નરેશ પટેલ દિવસ-રાત સતત અસરગ્રસ્ત વિસ્તારમાં ફરી લોકોને સલામત સ્થળે ખસેડી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. આ દરમ્યાન ગુરૂવારના રોજ બપોરે બે વાગ્યાના ચાર કલાકમાં આભ ફાટ્યું હોય તેવી સ્થિતિ વચ્ચે ૧૨.૫૨ ઈંચ જેટલો વરસાદ ખાબકતા પરિસ્થિતિ ઘણી વિકટ બની હતી. ગોલવાડ સહિતના વિસ્તારમાં એસડીઆરએફની ટીમ દ્વારા રેસ્ક્યુ કરાયા હતા. પરંતુ સાંજ થઈ ગયા બાદ પણ ગોલવાડ, ચીખલી, સમરોલી, તલાવચોરા સહિતના ગામોમાં અનેક લોકો ફસાયા હતા. અને મદદ માંગી રહ્યા હતા. પરંતુ આજે મળસ્કેના સમયે પાણી ઓસરવાના શરૂ થતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. કાવેરી નદીના કાંઠાના ઉપરાંત ઘેજ ગામના પણ ઘણા વિસાતરને ખરેરા નદીના પુરના ઝપેટમાં લેતા અનેક ઘરોમાં પાણી ભરાયા હતા.

## ટેમ્પો પલટી ગયો, કાર ખેતરમાં તણાઇ ગઈ

તલાવચોરામાં પેટ્રોલપંપ પાસે મુખ્ય માર્ગ પરથી જ નદી વહી રહી હતી. અને ધસમસતા પ્રવાહમાં પાર્ક કરેલો એક આઇસર ટેમ્પો થોડે દુર જઇ પલ્ટી ગયો હતો. ઉપરાંત આજ સ્થળે એક કાર બસો મીટર દૂર ખેતરમાં તણાઇ ગઈ હતી.

## રાનકુવામાં રેલવે ટ્રેક નીચે મોટાપાયે ધોવાણ

રાનકુવા પટેલ વાડી પાસે બીલીમોરા-વઘઇ નેરોગેજ લાઇનનો રેલવે ટ્રેક ધોવાવા સાથે મોટું નુકસાન થતા ટ્રેન વ્યવહાર બંધ કરવાની રેલવે તંત્રને ફરજ પડી હતી. રાનકુવામાં રેલવે ટ્રેક નીચે મોટાપાયે ધોવાણ થયું હતું.

## સાદડવેલમાં ઘર પાસે જ પાણીમાં ડૂબી જતા ૫૮ વર્ષીય શખ્સનું મોત

ઘેજ : સાદડવેલ ગામે ઘરમાં પણ પાણી હોય આજે સવારે ૫૮ વર્ષીય યોગેશભાઇ રમણભાઈ પટેલા તેઓ તેમની ઘર નજીક પાણીમાં મૃત હાલતમાં મળ્યા હતા.

# પૂરના પાણીની વચ્ચે પણ નવસારીમાં પતંગ ચગી રહ્યાં છે



નવસારીમાં હાલમાં પૂરની સ્થિતિ છે અને 40 ટકા શહેર ડૂબી ગયું છે. જો કે આ દુખની વચ્ચે પણ નવસારીમાં પતંગ ચગતા હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા છે. કોઈ એક પંતગ નહીં પરંતુ પૂર્વ વિસ્તારમાં ત્રણથી ચાર પતંગ ચગી રહ્યાં હતાં.

નવસારીવાસીઓ માટે એક કહેવત છે કે તેઓ દુખમાં પણ જો ખુશી મળે તો શોધી કાઢે છે. આવું જ દ્રશ્ય નવસારીના પૂર્વ વિસ્તારમાં જોવા મળ્યું હતું. સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહેલા વીડિયોમાં પૂર્વ વિસ્તારમાં એપાર્ટમેન્ટો પાણીની વચ્ચે ડૂબી ગયેલા દેખાઈ છે. તેમ છતાં કેટલાક યુવાનો અગાશીમાં પતંગ ચગાવતા દેખાઈ છે. અહીં માત્ર એક કે બે નહીં પરંતુ ત્રણથી ચાર જેટલા પતંગો આકાશમાં ઉડતા હોય તેવું જોવા મળી રહ્યું છે.



નિલેશ કાપડીયા

# વાંસદાની નવયુગ ઈંગ્લિશ સ્કૂલમાં પાંચ ફૂટ પાણી ઘૂસ્યા

વાંસદાઃ વાંસદાના ભારે વરસાદ અને કાવેરી નદીમાં આવેલા પૂરથી નવયુગ ઈંગ્લિશ સ્કૂલમાં પાંચ ફૂટ જેટલું પાણી ઘૂસી જતાં શાળાની મિલકતને નુકસાન થયું હતુ. કાવેરી નદીનું પાણી શાળા પરિસરમાં ફરી વળતા વર્ગખંડોમાં રાખેલા પુસ્તકો, શૈક્ષણિક સામગ્રી તેમજ કમ્પ્યુટર અને અન્ય ઇલેક્ટ્રોનિક સાધનોને નોંધપાત્ર નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે.

## ગંગપુર કોઝવે પરથી બાઈક સાથે તણાયેલા બેમાંથી એકનો મૃતદેહ મળ્યો

વાંસદાઃ વાંસદાના રંગપુરનો રાજવીર ભોયા અને મયુર ગાયકવાડ બાઈક પર લીમઝર માર્ગના કોઝવે પરથી પસાર થવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ દરમ્યાન કોઝવે ઉપર પાણીના વહેણમાં તણાઈ ગયા હતા. શુક્રવારે રાજવીર ભોયાનો મૃતદેહ ખેતરમાંથી મળી આવ્યો હતો. જ્યારે મયુર ગાયકવાડની શોધખોળ માટે તંત્ર, પોલીસ તેમજ બચાવ ટીમો દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે. ભારે વરસાદ અને પાણીના તેજ પ્રવાહને કારણે રેસ્ક્યૂ કામગીરીમાં મુશ્કેલીઓ સર્જાઈ રહી હોવાનું જાણવા મળ્યું હતું.

# ભારે વરસાદથી અનેક ટ્રેનો રદ

નવસારી : દક્ષિણ ગુજરાતમાં સતત વરસી રહેલા અતિભારે વરસાદને કારણે રેલવે ટ્રેક પર પાણી ભરાઈ જતાં પશ્ચિમ રેલવે વાહનવ્યવહાર પર માઠી અસર પડી છે.

મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને મુંબઈ-વાપી, વલસાડ-વિરાર, વિરાર-સુરત, ઉધના-બાંદ્રા અને બાંદ્રા-બાડમેર સહિતની અનેક ટ્રેનો રદ કરવામાં આવી છે. આ ઉપરાંત વંદે ભારત, શતાબ્દી, કર્ણાવતી અને ડબલ ડેકર જેવી મહત્વપૂર્ણ ટ્રેનોનું સંચાલન પણ ખોરવાયું છે. જોકે, વરસાદનું જોર ઓછું થતાં પરિસ્થિતિમાં સુધારો નોંધાયો છે. પશ્ચિમ રેલવે દ્વારા ૩ લોકલ અને ૧ ફાસ્ટ ટ્રેન સેવા પુનઃ શરૂ કરવામાં આવી છે.


## -: જાહેરનામું :-

નં.ચૂંટણી/ખાંડ ઉદ્યોગ/મતદાન મથક/વશી/૫૭૧ થી ૫૭૪/૨૦૨૬

ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની ચૂંટણી બાબતના નિયમો-૧૯૮૨ના નિયમ-૧૨ અન્વયે મળેલ સત્તાની રૂએ હું મિતેશ પટેલ, ચૂંટણી અધિકારી સહકારી ખાંડ ઉદ્યોગ મંડળ લિ., ગણદેવી અને પ્રાંત અધિકારી ચીખલી આથી જાહેર કરૂં છું કે, સહકારી ખાંડ ઉદ્યોગ મંડળ લિ., ગણદેવીની વ્યવસ્થાપક સમિતિના સભ્યોની સામાન્ય ચૂંટણી તા.૦૨/૦૮/૨૦૨૬ ને રવિવારના રોજ યોજાનાર છે. જેમાં અ વર્ગ ઉત્પાદક વિભાગના વિભાગ-૧, વિભાગ- ૨, વિભાગ-૪, વિભાગ-૫, વિભાગ-૬, વિભાગ - ૭, વિભાગ - ૮, વિભાગ-૯, વિભાગ-૧૦, વિભાગ-૧૧, વિભાગ-૧૨, વિભાગ-૧૩- મહિલા અનામત (બે બેઠક) તથા વિભાગ ૧૪ અનુચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ બેઠક-૧ અને બ-વર્ગ સામાન્ય વ્યકિત અને મંડળી પ્રતિનિધિની બેઠક-૧ ની ચૂંટણી થનાર છે જેમાં કોલમ-૨ માં જણાવેલ સ્થળોને જે તે વિભાગ માટે મતદાન મથક તરીકે નક્કી કરવામાં આવે છે. તેમજ આ નક્કી કરેલા મતદાન મથકોએ કોલમ-૧ માં જણાવેલ વિભાગમાં સમાવિષ્ટ કોલમ-૩ માં જણાવેલ ગામોના કોલમ-૪ માં જણાવેલ મતદારોએ મતદાન કરવા માટે મતદાન મથકો નક્કી કરવામાં આવેલ છે.

| મતદાર વિભાગનું નામ | મતદાન મથક નંબર નામ અને સ્થળ | સમાવિષ્ટ ગામો | મતદારોના મતદાર યાદી મુજબના નંબરો |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| અ-વર્ગ ઉત્પાદક વિભાગ-૧ | મતદાન મથક નંબર-૧ ધના ભાવસાર શાળા, ગણદેવી તા.ગણદેવી, જિ.નવસારી | દુવાડા, કલવાચ, દેસાડ, પાટી, કેસલી, અંભેટા, ધકવાડા, નાંદરખા, દેવસર, વલોટી, ઉંડાચ-વા.ફ., ઉંડાચ-લુ.ફ., બીલીમોરા, ખાપરવાડા, બીગરી, તોરણગામ, ગણદેવી, ખેરગામ, વડસાંગળ, રહેજ, ચાંગા-ધનોરી, પાથરી, અજરાઈ (હાથિયાવાડી, સામરાવાડી), દેવધા, ધમડાછા(તલીયારા), અમલસાડ, સરીબુજરંગ, સરીખૂર્દ(લુસવાડા), ભાઠા, વાસણ, કોથા, માસા, મોહનપુર, અંચેલી, કોલવા, કછોલી, ગંધોર, કલમઠા, છાપર, વાઘરેચ, તલોધ, ગોયંદી, આંતલીયા, દેસરા, મોરલી, મેંધર, વગલવાડ. | ૧ થી ૨૭૦ |
| મહિલા અનામત બેઠક ૦૨ (બે) | | | ૧ થી ૨૭૦ |
| અ-વર્ગ ઉત્પાદક અનુસૂચિત જાતિ અને અનુસૂચતિ જનજાતિ | | | ૧ થી ૨૭૦ |
| બ-વર્ગ સામાન્ય વ્યકિત અને મંડળી પ્રતિનિધિ | ધના ભાવસાર શાળા, ગણદેવી તા.ગણદેવી, જિ.નવસારી | વિભાગ-૧ અને વિભાગ-૨ માં સમાવિષ્ટ કાર્યક્ષેત્રના તમામ ગામો. | ૧ થી ૧૭૨ |
| અ-વર્ગ ઉત્પાદક વિભાગ-૨ | મતદાન મથક નંબર-૨ મણીભાઈ નીછાભાઈ નાયક, ઉચ્ચતર માધ્યમિક શાળા, મણીનગર, ખારેલ, તા.ગણદેવી, જી.નવસારી | એંધલ, ગણદેવા, મટવાડ, ખાપરીયા, પીપલધરા, ખખવાડા, ગડત, માણેકપોર, સોનવાડી, સાલેજ, વેગામ, પીંજરા, ઇચ્છાપોર. | ૧ થી ૪૪૬ |
| મહિલા અનામત બેઠક ૦૨ (બે) | | | ૨૭૧ થી ૭૧૬ |
| અ-વર્ગ ઉત્પાદક અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ | | | ૨૭૧ થી ૭૧૬ |
| મહિલા અનામત બેઠક ૦૨(બે) | મતદાન મથક નંબર-૩ ઈટાળવા પ્રાથમિક શાળા, તા.જી.નવસારી | અબ્રામા, અડદા, છાપરા, ડાંભર, દાંતેજ, એરૂ, હાંસાપોર, ઇટાળવા, જમાલપોર, ખરસાડ, કરોડ(નાની-મોટી), કછોલ, મંદિર, મોગાર, નવસારી, પરતાપોર, સિસોદ્રા(ગણેશ), તિઘરા, વેડછા, વાડા, કોથમડી, ઓંજલ, નવાગામ (સુપા-ચંદ્રવાસણ), કનેરા, પનાર, સુલતાનપુર, આટ, બોદાલી, એથાણ, મટવાડ, મછાડ, પેથાણ, ભુતસાડ, વિજલપુર, જલાલપોર, ચીજગામ, કલથાણ, સરાવ, દાંડી, કરાડી, સામાપોર. | ૭૧૭ થી ૧૨૪૦ |
| અ-વર્ગ ઉત્પાદક અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ | | | ૭૧૭ થી ૧૨૪૦ |
| બ-વર્ગ સામાન્ય વ્યકિત અને મંડળી પ્રતિનિધિ | ઈટાળવા પ્રાથમિક શાળા, તા.જી.નવસારી | વિભાગ-૩, વિભાગ-૪, વિભાગ-૫ અને વિભાગ-૬ માં સમાવિષ્ટ કાર્યક્ષેત્રના તમામ ગામો. | ૧૭૩ થી ૩૭૯ |
| અ-વર્ગ ઉત્પાદક વિભાગ-૪ | મતદાન મથક નંબર-૪ પેરા પ્રાથમિક શાળા, તા.જી. નવસારી | ભટ્ટાઈ-ઓણચી, નશીલપોર, સુપા-કુરેલ, અંબાડા, ચોવીસી, દંડેશ્વર, ધારાગીરી, કબીલપોર, કુરેલ, કુચેદ, મોલધરા, પીનસાડ, પેરા, સરોણા, તરસાડી, તેલાડા, છીંત્રા, ટોળી, ખેરગામ, શાહુ, શીંગોદ, ઉગત, વચ્છરવાડ. | ૧ થી ૬૧૦ |
| મહિલા અનામત બેઠક ૦૨ (બે) | | | ૧૨૪૧ થી ૧૮૫૦ |
| અ-વર્ગ ઉત્પાદક અનુસૂચિત જાતિ અને અનુસૂચતિ જનજાતિ | | | ૧૨૪૧ થી ૧૮૫૦ |
| અ-વર્ગ ઉત્પાદક વિભાગ-૫ | મતદાન મથક નંબર-૫ ખડસુપા બોર્ડિંગ હાઈસ્કુલ-ખડસુપા, તા.જી.નવસારી | અષ્ટગામ (શામળ ફાળિયા, ભુલા ફળીયા, નવાતળાવ), મુનસાડ(વસર), ખડસુપા, મહુડી, નાગધરા(કુંભારફળીયા), પારડી-સરપોર, સદલાવ, સરપોર, સાતેમ, ઉન, બોરીયાચ, બુટલાવ, પુણી, કણબાડ, ભુનવાડી, ડભલાઈ, કંબાડા, ખંભલાવ. | ૧ થી ૫૦૯ |
| મહિલા અનામત બેઠક ૦૨ (બે) | | | ૧૮૫૧ થી ૨૩૫૯ |
| અ-વર્ગ ઉત્પાદક અનુસૂચિત જાતિ અને અનુસૂચતિ જનજાતિ | | | ૧૮૫૧ થી ૨૩૫૯ |
| અ-વર્ગ ઉત્પાદક વિભાગ-૬ | મતદાન મથક નંબર-૬ ધામણ પ્રાથમિક શાળા, તા.જી.નવસારી | કાલીયાવાડી (કાછીયાવાડી), વિરાવળ, આસુંદર, આમરી, આમડપોર, ધામણ, કસ્બાપાર, કાદીપોર, કડોલી, માણેકપોર, પડઘા, પરથાણ, સરઈ, સંદલપોર, સાગરા, તવડી, વેજલપોર, છીણમ, વેસ્મા, ચોખડ, શીમળગામ | ૧ થી ૭૭૫ |
| મહિલા અનામત બેઠક ૦૨(બે) | | | ૨૩૬૦ થી ૩૧૩૪ |
| અ-વર્ગ ઉત્પાદક અનુસૂચિત જાતિ અને અનુસૂચતિ જનજાતિ | | | ૨૩૬૦ થી ૩૧૩૪ |
| અ-વર્ગ ઉત્પાદક વિભાગ-૭ | મતદાન મથક નંબર-૭ રાનકુવા પ્રાથમિક શાળા, તા.ચીખલી, જી.નવસારી | બોડવાંક, ચીતાલી, રાનકુવા, વાંઝણા, ટાંકલ, દોણજા, જોગવાડ, ખરોલી, કાંગવઈ, રાનવેરી-ખુર્દ, રાનવેરી-કલા, સુરખાઈ, સરૈયા, હરણગામ, રેઠવાણીયા, માણેકપોર, ચાસા, કુકેરી, ઉઢવળ. | ૧ થી ૬૨૯ |
| મહિલા અનામત બેઠક ૦૨(બે) | | | ૩૧૩૫ થી ૩૭૬૩ |
| અ-વર્ગ ઉત્પાદક અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ | | | ૩૧૩૫ થી ૩૭૬૩ |
| બ-વર્ગ સામાન્ય વ્યકિત અને મંડળી પ્રતિનિધિ | રાનકુવા પ્રાથમિક શાળા, તા.ચીખલી, જી.નવસારી | વિભાગ-૭, વિભાગ-૮, વિભાગ-૯, વિભાગ-૧૦, વિભાગ-૧૧ અને વિભાગ-૧૨ માં સમાવિષ્ટ કાર્યક્ષેત્રના તમામ ગામો. | ૩૮૦ થી ૫૦૪ |
| અ-વર્ગ ઉત્પાદક વિભાગ-૮ | મતદાન મથક નંબર-૮ પ્રાથમિક શાળા સાદકપોર, તા.ચીખલી, જી.નવસારી | અંબાચ, ખૂંધ, થાલા, આમધરા, બામણવાડા, બામણવેલ, કલીયારી, ખાંભડા, પીપલગભાણ, સાદકપોર, ફડવેલ, ખુડવેલ, રૂમલા, શીયાદા, સારવણી, મોગરાવાડી, ખેરગામ, સાદડવેલ, પણંજ. | ૧ થી ૫૦૬ |
| મહિલા અનામત બેઠક ૦૨ (બે) | | | ૩૭૬૪ થી ૪૨૬૯ |
| અ-વર્ગ ઉત્પાદક અનુસૂચિત જાતિ અને અનુસૂચતિ જનજાતિ | | | ૩૭૬૪ થી ૪૨૬૯ |
| અ-વર્ગ ઉત્પાદક વિભાગ-૯ | મતદાન મથક નંબર-૯ પ્રાથમિક કુમાર શાળા ચીખલી, તા.ચીખલી, જી.નવસારી | આલીપોર, દેગામ, નોગામા, વાડી-બારોલીયા(સુંઠવાડ), ચીખલી, ઘેકટી, મજીગામ, સમરોલી, વંકાલ, ચરી, ઘેજ, મલવાડા, મલીયાધરા, હોન્ડ, સોલધરા, તલાવચોરા, તેજલાવ, અગાસી, આછવણી, ભૈરવી, ઘોલાર, ગોડથલ, કણભઈ, નારણપુર, રૂઝવણી, વાવ, વાડ-રાન્ધા, ગોડવણી, માડવખડક, મીણકચ્છ, જામનપાડા, પાણીખડક, નાંધઈ, ગૌરી. | ૧ થી ૩૭૮ |
| મહિલા અનામત બેઠક ૦૨ (બે) | | | ૪૨૭૦ થી ૪૬૪૭ |
| અ-વર્ગ ઉત્પાદક અનુસૂચિત જાતિ અને અનુસૂચતિ જનજાતિ | | | ૪૨૭૦ થી ૪૬૪૭ |
| અ-વર્ગ ઉત્પાદક વિભાગ-૧૦ | મતદાન મથક નંબર-૧૦ તિઘરા પ્રાથમિક શાળા, તા.જી.વલસાડ | ધનોરી, ગોરગામ, કુંડી, ઓલગામ, સોનવાડા(ભા.ફ), તિઘરા, ઉટડી, વાઘલધરા, ડુંગરી, અટગામ, જુજવા, ફણસવાડા, ખજુરડી, કલવાડા, કોચવાડા, કેવાડા, મુળી, ઓવાડા, પાલણ, પીઠા(ભુનવાડા, ઠક્કરવાડા), પડારીયા, અંજલાવ, ભાગડાવાળા, ચણવઈ, દુલસાડ, દીવેદ, રાબડા, માલવણ, ઉમરસાડી, ઘડોઈ, બોદલાઈ, અંદરગોટા, પાથરી, સેગવા, ભુતસર, કાંપરીયા, ઓઝર, પંચલાઈ, રોલા, વાસણ (જોરા), વલસાડ, ગોરવાડા, કાંજણરણછોડ, વાંકલ, લીલાપોર, બીનવાડા, હનુમાનભાગડા. | ૧ થી ૨૫૧ |
| મહિલા અનામત બેઠક ૦૨(બે) | | | ૪૬૪૮ થી ૪૮૯૮ |
| અ-વર્ગ ઉત્પાદક અનુસૂચિત જાતિ અને અનુસૂચતિ જનજાતિ | | | ૪૬૪૮ થી ૪૮૯૮ |
| અ-વર્ગ ઉત્પાદક વિભાગ-૧૧ | મતદાન મથક નંબર-૧૧ ઝેરવાવરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી, તા.અંબિકા, જી.સુરત | ગાંગડીયા, વેલણપોર, ગુણસવેલ, ઝેરવાવરા, અનાવલ, આંગલધરા, ઘડોઈ, ગોપલા, સાંબા, લસણપોર, તરકાણી, સણવલ્લા, ઉમરા, વહેવલ, વાઘેશ્વર. | ૧ થી ૪૮૯ |
| મહિલા અનામત બેઠક ૦૨(બે) | | | ૪૮૯૯ થી ૫૩૮૭ |
| અ-વર્ગ ઉત્પાદક અનુસૂચિત જાતિ અને અનુસૂચતિ જનજાતિ | | | ૪૮૯૯ થી ૫૩૮૭ |
| અ-વર્ગ ઉત્પાદક વિભાગ-૧૨ | મતદાન મથક નંબર-૧૨ દિગેન્દ્રનગર પ્રાથમિક શાળા, ચાંપલધરા, તા.વાંસદા, જી.નવસારી | ચાંપલધરા, દોલધા, કંબોયા, કંડોલપાડા, લાખાવાડી, પ્રતાપનગર, રૂપવેલ, રાજપોર, સીતાપુર, વાંદરવેલા, ઝરી. | ૧ થી ૩૫૪ |
| મહિલા અનામત બેઠક ૦૨(બે) | | | ૫૩૮૮ થી ૫૭૪૧ |
| અ-વર્ગ ઉત્પાદક અનુસૂચિત જાતિ અને અનુસૂચતિ જનજાતિ | | | ૫૩૮૮ થી ૫૭૪૧ |

તા.૨૪/૦૭/૨૦૨૬

(મિતેશ પટેલ)
ચૂંટણી અધિકારી
સહકારી ખાંડ ઉદ્યોગ મંડળ લિ. ગણદેવી
અને
પ્રાંત અધિકારી ચીખલી